ISSN 2454-8596
www.vidhyayanaejournal.org
An International Multidisciplinary Research e-Journal

# અમૃત-પુત્ર : એક પ્રયોગશીલ નવલકથા (કથાવસ્તુ)

**Navinchandra Mangeshkumar Solanki**

Research Scholar,

Dept. of Gujarati School of Langauges, Gujarat University, Ahmedabad

drnavinsolanki29@gmail.com

અમૃતપુત્ર પ્રકાશ ત્રિવેદીની એક પ્રયોગશીલ નવલકથા છે. પાંચ પ્રકરણની આ કૃતિમાં સર્જકે આતંકવાદની સમસ્યાને રજૂ કરી છે. જેમાં સંઘર્ષ નહિ પણ સમાધાન, સમન્વયનો સંદેશ સર્જકે આપ્યો છે.

"જ્યાં સામાન્ય માનવીને પોતાનું ઘર આખા વિશ્વ સમું લાગે, ત્યાં સુહાસને આખુંયે વિશ્વ પોતાના ઘર સમું લાગતું હતું."[1]

આ વાક્યથી નવલકથા આરંભાય છે. 'અ' કારથી અક્ષરસૃષ્ટિનો આરંભ થતો હોવાથી પ્રથમ પ્રકરણનું નામ 'અદિતિ'થી સર્જકે ઓળખાવ્યું છે. અદિતિ એ નવલકથાની નાયિકા આશાનું મૂળ નામ છે. સમગ્ર વિશ્વને ઘર ગણતો સુહાસ પોતાની પાંચ વર્ષની ઉંમરે તો આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરી ચૂક્યો હતો. મુંબઈમાં નાનાજીનું ઘર તેને પ્રિય હતું. ત્યાં નાનાજીના ઘરે બાગ અને ઝૂ પણ હતા. પણ આજે મેરીહટ્ટનમાં સુહાસને મમ્મીના કહેવાથી બે સપ્તાહ માટે મુંબઈ જવું કોઈ અનભિજ્ઞ કારણસર ગમતું નથી. નાનાના પત્રમાં મમ્મીને આવવાની ના હોવા છતાં તે કેમ જાય છે એ પ્રશ્ન સુહાસને વિચાર કરવા પ્રેરે છે. સુહાસને અભ્યાસ બગાડી મુંબઈ જવાની ઈચ્છા નહોતી. ન્યૂયૉર્કમાં એકલા રહેવું મુશ્કેલ પણ મમ્મીની સાથે ન જવું અસંભવિત જ હતું. સુહાસ પેનમાં ટિકિટ બુક કરાવે છે. શુક્રવારે જે.એફ.કે.થી નીકળી ફ્રેન્કફર્ટ અને ત્યાંથી કરાંચીનો નાનો હોલ્ટ ને શનિવારે મુંબઈ. આવી જ રીતે પરત આવવાનું ફિક્સ થયું.

ટિકિટ બુક થતાં ચારણની અદાથી આશાએ સુહાસના ગુણગાન ગાયા. સુહાસે મામાને ફોન કરી દાદાની તબિયત વિશે પૂછવા કહ્યું પણ મમ્મીને ભારત ન જવા મનાવી શક્યો નહિ. સુહાસ પિતા પાસે રોકાવા કહે છે પણ તેના પિતા ફોન જ ઉપાડતા નથી. સુહાસને આદિમામા ખૂબ પ્રિય હતા. બન્નેને મુંબઈ અને ન્યૂયૉર્કમાં મળવાનું થતું જ. આદિત્ય થોડાંક મહિનાઓ માટે અમેરિકા, એમઆઈટી-બૉસ્ટનમાં વિઝિટિંગ પ્રોફેસર થઈને આવ્યા હતા.

અહીં આશાના વિક્રમ સાથેના પ્રણય સંબંધમાં તે ગર્ભવતી બને છે. આ સંબંધ લગ્ન સંબંધમાં પરિણમ્યો નહોતો. તે આદિત્યને વીક એન્ડ ન્યૂયૉર્ક બોલાવી જાણ કરે છે. આદિત્ય આશાને ધીરજ રાખવા અને બા-બાપુજીને જાણ કરવા ને સમજાવીને જવાબદારી માથે લે છે.

સુહાસના જન્મ પહેલાં આશાની બા ન્યૂયૉર્ક આવે છે. આશા અને બા વચ્ચેના મુંબઈના ઝઘડા ન્યૂયૉર્કમાં મીઠી યાદ બની રહ્યાં હતાં. આદિત્યની સાથે રહીને આશામાં પણ વધુ અભ્યાસની ચાનક હતી. તેથી તેણે આર્કિટેકનું ભણવા ન્યૂયૉર્ક આવીને કોલંબિયામાં પ્રવેશ મેળવ્યો હતો. આશા સુહાસને જન્મ આપે છે. આદિત્ય બા અને આશાને મળે છે. ભાણિયાના નામની ચર્ચામાં ત્રણેય જોડાય છે. આશા અને સુહાસને બા હવાફેર માટે મુંબઈ લઈ જાય છે. થોડાંક સમય પછી આશા ને સુહાસ ન્યૂયૉર્ક આવી જાય છે.

મુંબઈમાં બધાંની સાથે રહેલા સુહાસને શરૂઆતમાં ન્યૂયૉર્કમાં ફાવતું નથી. આશા બા-બાપુજીને ન્યૂયૉર્ક બોલાવી લે છે. પછીથી એક માસ માટે બા-બાપુજી સુહાસને મુંબઈ રાખે છે. સુહાસનો મુંબઈ સાથેનો સંબંધ ઘનિષ્ટ થતો જાય છે. સુહાસ માટે તેની મમ્મી ખૂબ નજીકની મિત્ર હતી. મુંબઈમાં દાદાજીનું ઘર જોઈએ તો-

"...આને તે ઘર કહેવું કે નાનું ઝૂ? જાતજાતના ને ભાતભાતનાં પ્રાણીઓથી ઊભરાતું! હર મુસાફરીએ એ જુદાં જુદાં પ્રાણીઓને મળવાનો લહાવો ઉઠાવતો. નાનપણમાં નાનાજીના બગીચામાં એણે કેટલાંયે પતંગિયાં જોયાં હતાં અને જાતજાતના, નાના મોટા ભમરાઓ, ભમરીઓ ને મધમાખીઓને ચક્કર લગાવતાં નિહાળ્યાં હતાં. પતંગિયાની જેમ મધમાખીને હાથ પર બેસાડવા જતાં, એને ડંખ પણ આસ્વાદ્યો હતો. રાત્રે કોઈ વાર આગિયાઓની ઝબૂક પણ એણે માણી હતી."[h]

સુહાસ ને આશા મુંબઈથી જ્યારે પેન.એમ.માં પરત ફરે છે ત્યારે કરાંચી ફ્લાઈટ હોલ્ટ માટે રોકાય છે. સુહાસને કાંઈ અશુભ વરતાતું હોય એવામાં એક ચીસ સંભળાય છે. આતંકવાદીઓના હુમલામાં એક ઍરહોસ્ટેસ, પાઈલટ અને આશા મૃત્યુ પામે છે. સુહાસ પ્લેનમાં એકલો જ પાછો આવે છે.

બીજું પ્રકરણ સર્જકે 'વિક્રમ' નામે આપ્યું છે. સુહાસ જે.એફ.કે. એરપોર્ટ પર ઉતરે છે તેના પિતા વિક્રમ લેવા આવ્યાં છે. સુહાસ હેબતાઈ ગયો છે. પિતા અને પુત્ર મળીને આશાની હિન્દુવિધિ પ્રમાણે એક મંદિરમાં અંતિમવિધિ પૂર્ણ કરે છે ત્યારે સુહાસના

મનમાં આખા વિશ્વમાંથી આતંકવાદ નાબૂદ કરવાના બીજ તેના મનમાં રોપાય છે. બીજી બાજુ હવે આશાના વારસાનો હિસ્સો સુહાસને મળે છે. નાનાજીનો પચાસ ટકા ભાગ હોય પણ સુહાસને તે આપવાની ઈચ્છા જાગ્રત થતી નથી. સુહાસ મિલિયોનર બને છે. ફિલિપ વારસાના કાગળિયામાં સહી કરાવે છે. બદલામાં એક બિયર પીવાનું જ પસંદ કરે છે. હવે સુહાસનો મામા અને નાનાજી સાથેનો સંબંધ ઔપચારિકતામાં પરિણમ્યો હતો.

સુહાસ તો મમ્મીના મૃત્યુ માટે નાનાજીના પત્રને જ જવાબદાર ગણે છે. હવે મમ્મીનો વારસો મળ્યા પછી સુહાસ અઢાર વર્ષે દસ લાખ અમેરિકન ડૉલરનો માલિક બન્યો છે.

સર્જકે ત્રીજા પ્રકરણનું નામ 'બા' આપ્યું છે. લાન્સિંગ નર્સિંગ હોમમાંથી દાદીના બિમાર હોવાના સમાચાર આવ્યાં છે ને તાત્કાલિક સુહાસને આવવા માટે તેડું આવ્યું છે. બાને કેન્સર છે. ખાઈ શકતાં નથી. તેથી શક્તિહીન થઈ ગયાં છે. સુહાસ નંદિનીને સાથે લઈને લાન્સિંગ પહોંચે છે. નંદિની જાણતી હતી કે મિલિયોનર થયા પછી સુહાસ મિતભાષી બની ગયો છે. બાને મળતાં સુહાસને પ્રથમવાર સંબંધોની હૂંફ કેવી હોય તેની અનુભૂતિ થાય છે. બા પોતાના જીવનની વાતો બન્ને આગળ કહે છે. યુગાન્ડામાં બા તેમના પતિ દશરથભાઈ ને મોટાભાઈ કિશોરભાઈ, ભાભી સુમિત્રાબહેન વગેરેની વાતો ચલાવે છે. બાએ જૂનાં ફોટાં બતાવ્યાં. જેમાં સુહાસના પૂર્વજોને નંદિની રસપૂર્વક જુએ છે. ફોટામાં આશાને કોઈ સ્થાન નહોતું તે તેમણે નોંધ્યું. દાદી ભૂતકાળને વાગોળતાં જણાવે છે કે મોટાકાકાને અમીનના સિપાઈઓ ગોળીએ દીધાં. કાકીનું ખૂન થઈ ગયું ને મહેન્દ્ર જે કિશોરભાઈનો દીકરો હતો તેનો કોઈ પતો જ નહોતો. વાતોને અંતે દાદી ત્રણ વસિયતનામાં આપે છે. જેનો સ્વીકાર કરનાર તરીકે સુહાસનું નામ હતું. ગ્રાન્ડમા બાર કરોડ ડૉલરની જંગી મિલકતના માલિક હતા. ગ્રાન્ડમાં અહીં સુહાસને જણાવે છે કે -

"...પણ તું એમ ના માનતો કે અમે જે અન્યાય તને કે તારી માને કર્યો છે એ માટે મેં આવું વસિયતનામું બનાવ્યું છે. આ મારા હૃદયમાં તારા પ્રત્યે પ્રેમની ખરેખર જે સરવાણી વહે છે એનું જ પ્રતિબિંબ છે."[3]

બીજે દિવસે સુહાસ અને નંદિની નાયગ્રાની યાત્રા કરી રહ્યાં હતાં. ત્યારે બાનો પવિત્ર આત્મા પોતાના નવા વતન ભણી ઊંચે ને ઊંચે પ્રયાણ કરી રહ્યો હતો.

'નંદિની' નામે ચોથા પ્રકરણમાં સર્જકે સુહાસ અને નંદિનીના મિત્રતાના સંબંધને પ્રણયમાં ફેરવાયેલો બતાવ્યો છે. સુહાસની મુંબઈ સાથેની કડી તૂટી હતી. એના માટે મુંબઈની યાત્રા જવાબદાર હતી. હવે સુહાસ કોલંબિયા યુનિવર્સિટીનો સ્નાતક થયો હતો. ને જ્યોર્જ ટાઉન યુનિવર્સિટીમાં ઍડમિશન લઈ આગળ અભ્યાસ કરવાનો હતો. નંદિનીના સહવાસથી તેના દિલની ભભૂકતી વેરની જ્વાળાઓ હવે શાંત પડવા લાગી હતી. નંદિનીએ ઈન્ટરનેશનલ કાયદાનો અભ્યાસ કર્યો હતો. સર્જકે અહીં મિ. મિલર અને આશાની તેમજ વિક્રમની આશા સાથેની પ્રથમ મુલાકાતનું વર્ણન પણ કર્યું છે. વિક્રમના મા-બાપ મેરી-લેન્ડમાં રહેતા હતા. વિક્રમના આશા સાથેના સંબંધનો તેના માતા-પિતાએ સ્વીકાર નહોતો કર્યો. સુહાસ માટે તેના માતા-પિતા એક ન થઈ શક્યાં તે વાત મિસ્ટરી જ હતી. પિતાના રૂમમાં સુહાસને બીજો એક ફોટો મળે છે. બીજી બાજુ ફિલિપ દ્વારા પિતાના મૃત્યુના સમાચાર જાણવા મળે છે. તેથી નંદિની પણ વૉશિંગ્ટન આવે છે. સુહાસ પિતાના મૃત્યુના સમાચાર આપે છે ને વિલની પણ વાત કરે છે. સુહાસ નંદિનીને તેના પિતાના બીજા કુટુંબની વાત કરે છે. ફોટામાં મેરી અને તેના પિતાના ખોળામાં રહેલી દીકરી વ્હિટનીની મેરી આફ્રો-અમેરિકન હતી.

સર્જકે અંતિમ પ્રકરણને 'નાનાજી'ના નામે આપ્યું છે. લાન્સિંગથી પરત આવેલા સુહાસે નંદિનીને વૉશિંગ્ટનમાં સાથે રહેવાનું આમંત્રણ આપ્યું છે. સુહાસે માર્ક પાસેથી મેરીનું સરનામું લીધું ને અચાનક સુહાસને મુંબઈની અને પપ્પાની યાદ આવવા લાગી. ફિલિપની જાણ મુજબ ઈઝરાયેલમાં વિક્રમની સાથે મેરી પણ મૃત્યુ પામી હતી. પપ્પાની મિલકતની ભાગીદાર ગણાય એવી વ્હિટનીને સુહાસ અને નંદિની મળવા જાય છે પણ કોઈ મહત્ત્વના પુરાવાઓ અને વ્હિટનીને પણ તેના પિતાની સાચી ઓળખ ન હોવાથી વાત જ ઊડી જાય છે.

સુહાસ નંદિનીને લઈ ફેઈન્સ્ટાઈન ફિલિપની ઑફિસે જાય છે. હવે સુહાસ ધનાઢ્ય થવાથી ફિલિપ સુહાસનો મહત્ત્વનો ક્લાયન્ટ બની રહ્યો હતો.

સુહાસ ફિલિપને મમ્મીના નામે એક ફાઉન્ડેશન શરૂ કરવા જણાવે છે. ને હાલ પૂરતાં ટ્રસ્ટીમાં તેનું, નંદિનીનું અને ફિલિપનું નામ રાખવા કહે છે. સુહાસ હવે ડૉલર મૂલ્યમાં પણ મલ્ટિ મિલિયોનર બની ચૂક્યો હતો. વ્હિટનીને મળ્યા બાદ સુહાસ અને નંદિની લિયર જેટમાં બેસી ભારત આવે છે. વૉશિંગ્ટનથી એમસ્ટરડમની દસ કલાકની મુસાફરીમાં સુહાસને ઊંઘ નથી આવતી. લિયર જેટ શિયોલ પર હોલ્ટ માટે રોકાય છે જ્યાં સુહાસ તેના મુંબઈના કુટુંબીઓ માટે વસ્તુઓ ખરીદે છે. સુહાસનું સુષુપ્ત મન અનેક વિચારોમાં ગળાડૂબ છે. લિયર જેટ ભારત પર ઊતરે છે. તેઓને લેવા અદ્વૈતમામા આવ્યા છે. ઘરે પહોંચતાં જ સુહાસના શ્વાસ થંભી જાય છે. તે જુએ છે કે સામે બાગ અને ઝૂને બદલે દસ માળની બિલ્ડિંગ ખડી થઈ ગઈ હતી.

સુહાસના માનસપટ બદલાવાનું કારણ નંદિની હતી. નંદિની આશા ફાઉન્ડેશનની કુટુંબીઓ આગળ વાત કહે છે. નાનાજી અમર આશા ફાઉન્ડેશન નામ રાખવા આગ્રહ કરે છે. સુહાસ ફરીથી વેર વાળવાની વાત નાનાજી આગળ ઉઘાડે છે પણ ગાંધીજી અને લિંકનના વાંચ્યા પછી સુહાસમાં પરિવર્તન આવ્યું છે. લિંકનનો વિચાર સુહાસને મહ્દઅંશે સ્પર્શી ગયો છે.

''...લિંકને કહ્યું છે તેમ શત્રુને મારવાનો ઉત્તમ ઉપાય એ એને મિત્ર બનાવવામાં રહ્યો છે.''[4]

સૌ કુટુંબીઓ ભેગાં મળી અમર આશા ફાઉન્ડેશનના નવા નવા નિયમોનું સૂચન કરે છે. બધાંના અવનવા વિચારો સુહાસમાં ગુસ્સો પેદા કરે છે. પણ નાનાજીની એક ટપલીથી સુહાસ અચેતન થઈ જાય છે. સંપૂર્ણ ભાનમાં આવેલા સુહાસમાં પરિવર્તન આવ્યું છે. સુહાસ અને નંદિનીના લગ્ન સાદી અને ભાવમય વિધિથી થાય છે. સુહાસ નાનાજીને જણાવે છે કે મમ્મીના ગયા પછી મારામાં જે પરિવર્તન આવ્યું છે તે નંદિનીના કારણે જ છે. સુહાસ જ્યારે મુંબઈથી પરત ફરે છે ત્યારે એ એકલો નથી. નંદિની, ફિલિપ, નાનાજી, મામા-મામીઓ જ નહીં પણ સમગ્ર માનવજાત, ધરતી, આકાશ તેમજ આ વિશ્વવ્યાપી ચેતના તેને સાથ આપી રહી છે તેમ સુહાસને જણાય છે.

તેથી જ નવલકથાને અંતે નાનાજીનું વાક્ય તેને યાદ આવી જાય છે.

''અને ત્યારે પહેલી વાર એને સમજાયું કે નાનાજી એને કહેતા હતા એમ એ ખરેખર અમૃત-પુત્ર છે!''[Ãk]

સર્જકે અહીં વાચકને ઉદ્દેશી એક પેરેગ્રાફ આપેલ છે ત્રણ પૃષ્ઠનું અનુસંધાન રૂપ પરિશિષ્ટ સમા પ્રકરણને રજૂ કર્યું છે.

''...ત્રણ ત્રણ ભૌતિક વારસાઓની અપાર સંપત્તિ સંપ્રાપ્ત કરનાર સુહાસ, નાનાજી અને નંદિની મારફતે ભારતીય જીવનમૂલ્યોનો વારસો પણ પ્રાપ્ત કર્યો હોવાથી 'શમે ના વેરથી વેર' એ સનાતન સત્યને સાકાર કરવા 'અમર આશા ફાઉન્ડેશન' દ્વારા આતંકવાદના ખાતમા માટે શિક્ષણનું શસ્ત્ર અપનાવે છે અને પોતાની માતાના હત્યારાના જ સંતાનોને શિક્ષણ આપી એ અધોગતિના માર્ગથી પાછા વાળવાની મથામણ શરૂ કરે છે. એના સંકેતો 'અનુસંધાન'માં આપી લેખક આ સુબદ્ધ, સુસંકલિત લઘુનવલ સમાપ્ત કરે છે.''[6]

## પાદટીપ

૧. 'અમૃત-પુત્ર' -પ્રકાશ ત્રિવેદી, પ્ર.આ.૨૦૧૫, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, પૃ.૧
૨. એજન, પૃ.૨૨
૩. એજન, પૃ.૮૫
૪. એજન, પૃ.૧૫૫
૫. એજન, પૃ.૧૬૨
૬. એજન, પૃ.૧૦ (પ્રસ્તાવનામાંથી)

**નવીનચંદ્ર એમ. સોલંકી**
બી-૩૫, જય રઘુવીર સોસાયટી, પ્રભાકર ટેનામેન્ટની સામે, સૈજપુર બોઘા, અમદાવાદ-૩૮૨૩૪૫
(મો) ૯૪૨૯૩ ૦૪૬૧૭ Email : navinsolanki17@gmail.com

~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~
~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~~